રીવિઝન કમિટીએ સુધારેલી ટકસ્ટ બુકના ધોરણ
મુજબ ખાસ થર્ડઇયર શિક્ષકો પાસે તૈયાર કરાવેલી

ગુજરાતી

પહેલા ધોરણની નોટ.

પ્રકાશક

બુકસેલર જેકીશનદાસ ત્રીભોવનદાસ.

માલેક. જે. જે. એન્ડ કું.

ઠે૦ તાર ઓફિસ સામે—સુરત.

શાકે ૧૮૪૨ સને ૧૯૨૧ સંવત ૧૯૭૭

કી. ૦-૫-૦

ધી "સુરત" પ્રિ. પ્રેસમાં વિઠલદાસ કીકાભાઇએ
છાપી ઠે. લીમડાચોક—સુરત.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી ડીપોઝીટ સંગ્રહ

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૨૮૮ वर्गांक

पुस्तकनुं नाम ગુજરાતી પહેલા ધોરણની નોંધ

विषय [illegible]

ગુજરાતી પહેલા ધોરણની સરળ નોટ.



પાઠ ૧ લો.

અક્ષર—હરકત, હરફ
ઉઠ્યાં—ઉભા થયાં
આંગણામાં—બારણા પાસે
ઘરેણાં—દાગીના, જણસો
ફટાકડા—ટેટા
લીંપેગુંપે—છાણ માટીથી જમીન ધુએ, અબોટ કરે
દારૂખાનું—આતસબાજી
સંજેરા—એક જાતનો ખાવાનો ઘઉંનો ગળ્યો પદાર્થ
લુગડાં કપડાં
નિશાળ—સ્કૂલ, શિક્ષણગૃહ
રજા—છુટી
સઘળાં—બધાં
રાજી—ખુશી
થોડાક—જરા દૂર
ભેગી—સાથે
ધોળે છે—સફેદ બનાવે
ઘુઘરા—એક જાતનો ખાવાનો ઘઉંનો ગળ્યો પદાર્થ
દહાડા—દિવસ
સાથીઆ—ચોક, દેવની પાસે અથવા ઘર આગળ ચુનાનાં કે લોટનાં ચિત્ર કાઢે છે તે
જમવાનું—ખાવાનું
ફડફડ—ધડાધડ
હરખાય—ખુશી થાય

કવિતાના અર્થ—દિવાળીના દિવસમાં ઘેરઘેર દીવા થાય છે, અને ફટાકડા ધડાધડ ફુટે છે તેથી છોકરાંઓ બહુ ખુશી થાય છે.

પાઠ ૨ જો.

કચેરીઓ—કોરટો, દરબારની બેઠક, થાણું
મુસલમાન—મહમદપેગંબરનો ધર્મ માનનાર
અઠવાડીઉં—સાતે વારનું ભેગું નામ
વિષે—બાબત, સંબંધી
સાહેબ—ગોરા લોક
જુમેરાત—ગુરૂવારની રાત
દેવળ—દહેરૂં, દેવનું મંદિર
છેલ્લો—છેવટનો
સવાર—વહાણું, પ્રભાત
રવિવાર—સૂરજનો વાર
સોમવાર—ચંદ્રનો વાર
ફરીથી—બીજી વાર

કવિતાના અર્થ—પહેલો રવિવાર તેની પછી બીજો સોમવાર, પછી ત્રીજો મંગળવાર, ચોથો બુધવાર, પાંચમો ગુરૂવાર, છઠો શુક્રવાર

છે અને સાતમો શનિવાર છે, શનિવાર એ છેલ્લો વાર ગણાય છે, એમ સાતેવારનું એક અઠવાડીઉં થાય છે,

પાઠ ૩ જો.

નિશાળ-સ્કૂલ
દરવાજા-બારણાં, ઝાંપા
ખીલી રહયો-ફૂલ્યો
ચિત્રો-છબીઓ (જનાવરના)
પાટીઉં-બોર્ડ
ચોકઠું-ચારે બાજુથી જડી લીધેલું લાકડાનું ઘર
કસર—[illegible]રને મહેનત કરવાનું, તાલીમ
બેઠક બેસવાની જગ્યા
ફુલઝાડ-ફુલ થાય એવા છોડ
નકશો-ગામ કે દેશનો કાગળપર ચિત્રેલો નમુનો
ફરતી-આસપાસ [રહી
વાડ-કાંટા કે ઝાંખરાંની
માંહે-અંદર
વેલ-વેલો
છોડ-રોપાઓ
વાવટા-નિશાન, ધજાઓ
રમત-ગમ્મત
ઘંટ-નિશાળ કે દેહેરામાં વગાડવાને લટકાવેલો ધાતુનો ઘાટ
મોગરી-લાકડાની હથોડી
કલાક-૬૦ મિનિટ, અઢી ઘડી
શીશી-વખત માપવાની રેતીની ભરેલી કાચના નાની બે ભેગી બાંધેલી બાટલી
ટાંગેલા-લટકાવેલા [જગા
ઘોડી-પાટીઉં મુકવાની
લખોટા-લાકડાના મણકા
કબાટ-સામાન મૂકવાને ખાનાવાળો બે બારણાનો ઉભો પેટારો
માટી-ગારો
મઝાની-સારી

પાઠ ૪ થો.

નિશાળીઆ-ભણનારા
શિખામણ-ડાહી ડાહી વાતો
પરોઢીએ-સવારમાં
સંગ-સોબત
શિક્ષા-શિખામણ
ઇશ્વર-પરમેશ્વર
નિત્ય-દરરોજ
જ્ઞાન-સમજણ
પેર-રીતે, પેઠે [ધોયા
નાહ્યા-પાણી વડે શરીર
આળસ-સુસ્તી.
ચિત્ત-મન
પાંસરૂં-સીધું
તમામ-બધા
માન-આબરૂ
ગુરૂ-મહેતાજી
સમા-સરખા
જુઠું-ખોટું
કદી-કોઇ દિવસ.
તજવું-છોડી દેવું.
અંગ-શરીર.
હળીમળીને-સંપીને.
ચોડી-લગાડી.
રૂડી-સારી
સમજો-ધ્યાન આપો
નીસરી-નીકળી.

કવિતાની સમજુતિ. (૧)

અન્વય—પરોઢીએ નિત ઉઠીને ઇશ્વરનું નામ લેવું (અને) દાતણ કરી નાહ્યા પછી તમામ પાઠ કરવા.

અર્થ—દરરોજ સવારમાં સૂરજ ઉગતા પહેલાં ઉઠીને પરમેશ્વરનું નામ બોલ્યા કરવું અને પછી દાતણ કરી, નાહીને બધું લેશન કરવું.

(૨) **અન્વય**—માબાપનું કહ્યું કરો, મોટાંને માન દો, (અને) ગુરૂને બાપ સમા ગણો (તે) સારૂં જ્ઞાન મળશે.

અર્થ—માબાપ કહે તે કરો, આપણાથી જે મોટાં હોય તેમને આદરથી બોલાવો અને આપણને ભણાવનાર જે વિદ્યાગુરૂ તેને બાપની બરાબર ગણો, તો આપણને સારી અકકલ મળશે.

(૩) **અન્વય**—કદી જુઠું ન બોલવું, અંગ આળસ તજવું, સારો સંગ રાખી હળીમળીને ચાલવું.

અર્થ—કોઈ દિવસ જુઠું બોલવું નહિ. શરીરમાંથી સુસ્તાઇ કાઢી નાખવી બધાની સાથે સંપીને ચાલવું અને સારા માણુસની સોબત કરવી.

(૪) **અન્વય**—નિત્ય નિશાળમાં જવું, (ત્યાં) ચિત્ત ચોડી ભણવું રૂડી રીત રાખી ગુરૂની શિક્ષા માનવી.

અર્થ—દરરોજ નિશાળે જવું, ત્યાં મન રાખી ભણવું અને સારી રીતભાત રાખીને મહેતાજીની શીખામણ માનવી.

(૫) **અન્વય**—મન રમતમાં રાખો નહિ (અને) સારી પેર સમજો (કે) નિશાળમાંથી નીસરી પાંસરૂં ઘેર જવું.

અર્થ—રમવામાં મન રાખવું નહિ અને નિશાળમાંથી બહાર નીકળ્યા કે સીધું ઘેર જવું. એ સારી રીતે સમજી રાખજો.

પાઠ ૫ મો.

લુગડાં—કપડાં.
ઓઢણી—છોકરીઓને ડીલે ને માથે ઓઢવાનું લુગડું.
અંગરખી—[illegible]ગતી.
ધોતલી—પોતડી.
સુરવાળ—લેંઘી, ચોરણી.
કહેવા લાગ્યો—કહેવા મંડ્યો.
લેંઘા—ચોરણી.
ફળીઆના—મોહલ્લાના.
પ[illegible]—[illegible]ણી. (શીખેલની)
ત્યારે—તે વખતે.

જોડીઓ—જૂટ, ખાસ-ડીઓ
બજારમાં—ચૌટામાં.
કોટ—ડગલો.
મંગાવે—અણાવે.
ચાધરી—ચણીઓ.
બદન—કબજો.
લાવી—આણી.

પાઠ ૬ ઠો.

ચોકખાઇ—સફાઇ.
ફોલ્લા—ચાંદા (ગુંમડાં)
મુખડું—મોઢું.
પહેરણુ—ઝભલું.
બરાબર—સારી રીતે
ઊર—મન
કવિતા—ગાયન
ચોકખાં—સાફ [વાડો
ગંદવાડ—ગલીચી, ગોબ
નાથ—ધણી
મેલાં—ગંદા
કપડાં—લુગડાં
ડીલ—શરીર
ચોળીને—ઘશીને
ગંદી—ખરાબ, વાસ મા-રતી. [થડમાં
પાસે—નજીક, જોડમાં,
રાજી—ખુશી
અડાય—અડકાય
ખસ—ખુજલી
ધોવડાવવાં—સાફ કરાવવાં
વાડો—ઘરના પાછળની છુટી જમીન
આંગણામાં— [illegible]ણામાં
માંદા—શીક, આજારી
ચોક—મોટી ચોકડી

કવિતાના અર્થ— મારો ઓટલો ને મારા ઘરનો ચોક ચોકખો છે મારાં લુગડાં ચોકખાં જોઇને બધા લોક એને ચોકખું કહે છે. મારૂ મોઢું અને મારા હાથ ચોકખાં છે અને મારૂ મન ચોકખું છે ત્યાં જગતના ધણી બેસે છે.

પાઠ ૭ મો.

વરસગાંઠ—જન્મ દિવસ
કંસાર—લાપશી
ભાવ્યો—સારો લાગ્યો
આપ્યાં—દીધાં
ક્યારે—કઇ વખતે
સગાં—વહાલાં, સંબંધી
અડાડ્યો—અડકાડ્યો
બોલાવ્યાં—તેડ્યાં
પાનસોપારી—પાન અને સોપારી
સમારંભમાં—[illegible]
ઝટ—જલદી
ભાણો—બેનનો દીકરો
મંડ્યો—લાગ્યો, વળગ્યો
સૌ—સઘળાં, બધા
બીડાં—પટ્ટીઓ

પાઠ ૮ મો.

સગાં—સબંધી
ભત્રીજો—ભાઇનો છોકરો
માસીઆઈ — માસીનો છોકરો
વેવાઈ—છોકરા કે છોકરીનો સસરો (એક બીજાને કહે છે)
વેવાણ—છોકરા કે છોકરીની સાસુ (એક બીજાને કહે છે)
પીતરાઇ—કાકાના છોકરા
ફોઇઆત—ફોઇનાછોકરા
દુધભાઇ—મા એક અને બાપ જુદા.
મોળાઇ—મામાના છોકરા
ઓરમાઈ—સાવકા
સાવકી—ઓરમાન
કાકો—બાપનો ભાઈ
વહુ—આયડી

પાઠ ૯ મો

હરખાઉં—ખુશી થાઉં
સર્વ—બધ
ઓસડ—દવા
પંપાળી—હાથ ફેરવી
કલ્લોલ—આનંદ
આભાર—પાડ, ગુણ
દુખડાં—પીડા

ગભરાતી—અકળાતી
ચાંપે—દાબે
બોકી—બચી
બીડે ભરે
રાજી—ખુશી
ભૂલી—વીસરી
મીઠા—સારા
પંખી પક્ષી
માત—મા

સંભાળે—જતન કરે, સા
ચવે
લગાર જરી
હાલો—હાલરડું
માંદા—આજારી, શીક
માડી—મા
નવ—નહિ
હેત—વહાલ
અપાર ઘણું

કવિતાની સમજુતી. (૨)

અન્વય—માને દેખી બહુ હરખાઉં, દોડી દોડી સામે જાઉં, (કે) લઇને છાતી સાથ ચાંપે (અને) બોકી દઇને બાથ બીડે.

અર્થ—હુ માને જોઇને ઘણો રાજી થાઉં, અને દોડી દોડીને તેની સામે જાઉં; કે તે મને ઉંચકી લઈ છાતી સાથે દાબે, અને બચી કરી બાથમાં ઘાલે.

(૨) અન્વય—(મને) ખોળા માંય લઈ ધવરાવે, પંપાળીને રાજી થાય, મારૂં મુખ જોઇને હરખાય, (અને) સર્વ દુખડાં ભૂલી જાય.

અર્થ—મને ખોળામાં લઇને પોતાનું દૂધ પીવરાવે, અને મારા શરીરે હાથ ફેરવીને તેમજ મારૂં મોઢું જોઇને રાજી થાય અને પોતાના બધાં દુઃખ વીસરી જાય.

(૩) અન્વય—મારા બોલ મીઠા લાગે (એવા કે) જાણે પંખી કલ્લોલ કરે, માતા મા[illegible]વું આપે (અને) મારી જાત બહુ સંભાળે.

અર્થ—મારા બોલ જાણે પંખીઓ કલ્લોલ કરતા હોય એવા મીઠા લાગે, મા મને સારૂ સારૂ [illegible] આપે, અને મારા શરીરનું બહુ જતન કરે.

(૪) અન્વય—મને લગાર રડતો જાણી તેવાર ગભરાતી દોડે (અને) (હું) હસુંને રમું તે (તું) બહુ ખુશ થાય ને (મને) ઉંઘાડવા હાલો ગાય.

અર્થ—મને જરા પણ રડતો સાંભળે તે વખતે મારી પાસે ગાભરી બની દોડી આવે; પણ જો હું હસું અને રમું તે તું બહુ રાજી થાય અને મને ઉંઘાડવા માટે હીંચકો નાખતી જાય ને ગીત ગાય.

(૫) અન્વય—માડી (હું) માંદો પડતાં ઓસડ પાય, (અને તું) પેટ ભરી ખાય નહિ, તારૂં હેત સૌથી અપાર (છે માટે) તારો બહુ આભાર માનું.

અર્થ—હે મા હું જરા માંદો પડયો કે તું મને ઓસડ પાય, અને તું પેટ ભરીને પૂરૂં ખાય નહિ; એવું તારૂં હેત સૌથી વધારે છે તેથી હું તારો ગુણ માનું છું

પાઠ ૧૦ મો

માન આવકાર
ત્યાં—તે ઠેકાણે
પ્રમાણે—રીતે [આપી
વખાણ કર્યા—સાબાશી
ઓરડામાં—ઘરના એક ભાગમાં
મહેતાજી—ગુરૂ, માસ્તર
સલામ—કપાળે જમણો હાથ લગાડવો
અદબ—વિવેક, મરજાદા

પાઠ ૧૧ મો.

ઉજાણી—મેજમાની
આસોપાલવ—એક જાતનું ઝાડ
પીરસ્યા—મૂકયાં
કુલડીઓ—માટીની નાની લોટીઓ [ખા
પૌંઆ—ચપટા કરેલા ચોખા
બબ્બે—બે સાથે[ચ છે તે
રાંદેરી—રાંદેરગામમાં થા-
વઘારેલા—તેલને ગરમ કરી તેમાં રાઇ, મરચું, હીંગવીગેરેનાંખીમીઠું ભેળવી ગરમ કરેલા
શેતરંજી—પાથરવાનું રંગદાર પટાનું સુતરાઉ બિછાનું
પાથરણું બિછાનું
નારંગી — એક જાતનું લીંબુ જેવું ફળ
ખારેકી—ખારેકના જેવા
લાડુ—લોટમાં ઘી,ગોળ કે ખાંડ નાખી ખાવાને બનાવેલોગોળ પદાર્થ
સીધી—પાધરી
સમજાવો—જાણવો
શાક—તરકારી
ચટણી—આદુ, મરચાં કે-થમીરને મીઠું ભેગું વાટી. ખાવાને બનાવેલો પદાર્થ
માંડયું—શરૂ કર્યું
ઉઠયાં—ઉભાં થયાં
ખૂબ—વધારે
મજા—ગમ્મત

પાઠ ૧૨ મો.

હોડી—મછવો
રમત—ખેલ
પછાડી—પાછળ
સહેલ—મજા
એકઠા—ભેગા
સરત—હોડ
તળાવ—વરસાદનું પાણી ભર્યું રહે તેવો મોટો ખાડો, નાનું સરોવર
જીત્યો—જીત મેળવી
તાપ—તડકો
પણે—પેલી બાજુ
લોક—માણસ
તરફ—બાજુ
સઢ વહાણને ચાલવા મદદ કરવા માટે પવન ભરવા સારૂ તેની વચમાં બાંધેલું લુગડું

ચાલ–રીતભાત
સુંદર–સારી

પાઠ ૧૩ મો.

ખંડ–રેંજો
કાંચળી–કાપડી, કમખો
મળ્યો–જડયે.
ઈનામ–બક્ષીસ, સરપાવ
બદલામાં–સાટામાં
મઝાનો–સારો
રડતી–રોતી
છાની- ચૂપ

પકડી–ઝાલી
નજર–સરત, ધ્યાન
ડાહી–શાણી
રજા–પરવાનગી

પાઠ ૧૪ મો.

ફેંકાફેંકી–નાંખાનાંખી
પ્રાણી–જીવ
નુકશાન–બગાડ
ધડાધડ–ફડાફડ
સંભાળી–સાચવી
હાણ–નુકશાન

ડાહ્યો–શાણો
દુઃખ–પીડા
તળાવ–નાનું સરોવર
પાળ–કિનારો
વાગ્યા–લાગ્યા
ખમાયા–વેઠાયા
ગરીબને–રાંકને
શા માટે–કેમ
રમત–ખેલ
ઇજા–દુઃખ, પીડા [ગારે
જરાએ–થોડુ પણ લ-
ભારી–ઘણું

કવિતાના અર્થ—રમત ગમત કરતાં; કદી પણ કોઇને નુકશાન કરવુ નહિ, અવળી રીતે રમતમાં ઘણુ નુકશાન થાય છે.

પાઠ ૧૫ મો.

દયા–રહેમ, મહેર
ફાંફાં–આમ તે ફોકટ
જ્યાં ત્યાં જેવુ તે
ખીજ્યા–વઢયા [ખતે
વખતર –બગાબર વ-
સોળ–ઝપાટા બરોળ
નીરવું–ઘાસ નાખવું
ગજું–શક્તિ
ઉપરાંત–વધારે
ઘું ઘાય–ચગદાય
દુઃખ–પીડા
ઝટ–તરત

તળે–નીચે
ઇજા–પીડા
ઢોર પશુ
કામનાં–ખપનાં
દેવુ આપવુ
સબાળ–બરદાશ
સાફ–ચોકખુ
યાદ છે–સાંભરે છે
ભૂલી–વીસરી

પાઠ ૧૬ મો.

નક્કી–ખચીત
સેળભેળ–એકઠાં
છુટ્ટો–બંધ વગરનો

સમજ્યો–જાણ્યું
ફીકર–ચિંતા
હોશિયાર–ખબરદાર, કા-
બેલ
શાબાસ–વખાણ કરવાં તે
મઝા–ગમત
દાવ–વારો
બાકીના–બીજા રહ્યા તે
વાંસાપર–પાઠપર, બર-
ડાપર [એક
વારા ફરતી–એક પછી
સવાલ–પ્રશ્ન
પારખી–ઓળખી, જાણી

સંતાવા-છુપાવા
ઘણો વખત-ઘણીવાર
ઓળખ-પારખ
તરત-જલદી

પાઠ ૧૭ મો.

સાચ-સાચી વાત સાચ-
વટ [રદાર
દેશાઈ-વતનદાર, જાગી
પાઘડી-માથે પહેરવાનું
લાંબુ લુગડું બાંધીને
ગોળ કરેલું તે
ચપ્પુ-ચાકુ, છરી
ગમ્યે-પસંદ પડયે
સાચા બોલુ-ખરા બોલુ
સ વાદી, સાચું

લડે-વડે
હેત-માયા
વખાણ્યો-પસંદ કર્યો
મંડયો-વળગ્યો
હાપ-ચીરો
ગભરાયો-અકળાયો
રાજી-ખુશી
વહાલુ-પ્યારું

પાઠ ૧૮ મો

સીમ-ખેતર
બગાડ-નુકસાન
જુઠાણું-ખોટું બોલવું તે
શરમાઈ-લજવાઈ
મશ્કરી મજાક, હાંસી

પસ્તાય-ખોટું કામ કર્યા
પછી મનમાં બળવું તે
સપડાય-ફસાય
અમથી-ખોટી, નકામી
ધાજો-દોડજો, મદદે આ
વજો
આસપાસ-આજુબાજુ.
ખેતરવાળા — ખેતરના
માલીકો ખેડુત
બાપડા-બિચારા
ખરેખરો-સાચે સાચો
ગભરાઈ-અકળાઈ
છેતર્યાં-ઠગ્યાં
વારે-મદદે
ધાયા-દોડી આવ્યા.
યાદ-ધ્યાન, સુરત

કવિતાના અર્થ—જે માણુસ બીજાની મશ્કરી કરે તે મોડો વહેલો પક-
ડાય છે, ખોટારૂ તરત જણાઈ આવે છે અને છેવટે જુઠો માણુસ પસ્તાય છે.

પાઠ ૧૯ મો

શિ ાળ-કો ળું
જુ ક્ત રૂપ ય
પોકેપોક-ભૂમભૂમ
દુઃખ-પાડા
દયા-રહેમ
સગાંવહાલાં-કુટુંબી
વિચાર-મનસુબો
ગભરાઈને-અકળાઈને

બચાવે ઉગારે
આધુ-દૂ , દુ
ક લકરા- ના પાડી
એ ક-એક એક
પ્રમ ણે-રાતે
વારાફરતી - એક પછી
એક

પાઠ ૨૦ મો

ગ ભ-કંગાળ

ભિખારી-ખાવા પીવાનું
જેને ન હોય તે
અ ંગ-લુલા, ંગડા,
આંધળા, બેહરા ગેરે
અન્ન-અના
ભ વાન-પરમેશ્વર
અ ધળો-આંખો િનાનો
ભજન-ઈશ્વરનાં ગીત
લુગડાં-કપડાં

ગજવામાં—ખીસામાં	**પાઠ ૨૧ મો**	ઉપયોગી—ખપની, કામના
સેવ—ચણાના લોટનો ખાવાનો બનાવેલો પદાર્થ	પ્રભુ—પરમેશ્વર	દામ—પૈસા
મમરા—ચોખાનો શેકીને બનવેલો ખાવાનો પદાર્થ	ઉજાસ અજવાળુ	અન્ન દાણા
દયા—રહેમ	વિદ્યા—ભણતર	પાળે—પોષણ કરે
ભલુ—સારૂ	ચંદ્ર—ચાંદો	જીવ—પ્રાણી
	સરજાવી—પેદા કરી	તમામ—બધા
	અગણિત—ગણાય નહિ એ	ઠામ—ઠેકાણે
	હામ—હિમ્મત	દધ કૃપા
	વીસરૂં—ભૂલું	સેવક—ચાકર, દાસ

કવિતાની સમજુતિ. (૩)

અન્વય—પ્રભુનામ વીસરૂં નહિ, હુ કદી પ્રભુનામ વીસરૂં નહિ, સુરજ ચંદ્ર ગણિત તારા (એ) ઉજાસને કાજ કર્યા (છે).

અર્થ—હે પ્રભુ હું તારૂ નામ કદી ભુલું નહિ તેં સુરજ, ચંદ્રમા અને ગણાય નહિ એટલા તારાઓ અજવાળા માટે કર્યા છે, માટે હું કદી તારૂં નામ ભુલું નહિ.

(૨) અન્વય—તેં બહુ ઉપયોગી હવા આપી તેનો કંઇ દામ બેસે નહિ (માટે) હું કદી૦

અર્થ—હે પ્રભુ તેં અમોને ઘણીજ કામની હવા આપી છે, છતાં તેનો એક પૈસો પણ બેસતો નથી માટે હું કદી તારૂં નામ ભુલું નહિ.

(૩) અન્વય—(તું) વરસાદથી અન્ન દીએ છે અને તમામ જીવ પાળ (માટે) હું કદી૦

અર્થ—હે પ્રભુ ! તું વરસાદ વડે અનાજ પેદા કરી આપે છે. અને બધા પ્રાણીઓનું પાલન પોષણ કરે છે, માટે હું કદી તારૂં નામ ભુલું નહિ.

(૪) અન્વય—દહીં, દુધ દેતા સૌ ઠામ ગાય ને ભેંસો સરજાવી (માટે) હું કદી૦

અર્થ હે પ્રભુ ! તેં અમાને દુધ અને દહીં આપવા માટે બધે ઠેકાણે ગાયો અને ભેંસો ઉત્પન્ન કરી છે. માટે હું કદી તારૂં નામ ભુલું નહિ.

(૫) **અન્વય**—(તેં) **આંબો**, ગુલાબ (ને) બદામ (વગેરેનાં) ઝાડપાન, ફળ અને ફુલ બનાવ્યાં છે (માટે) હું કદી૦

અર્થ—હે પ્રભુ ! તેં આંબા, બદામ વગેરેનાં ઝાડ, પાન, ફળ અને ગુલાબ વગેરેના ફુલ બનાવ્યાં છે માટે હું કદી તારૂં નામ ભુલુ નહિ.

(૬) **અન્વય**—સેવકને દયા કરી વિદ્યા, સુખ, હામ બહુ આપો હું કદી૦

અર્થ—હે પ્રભુ ! આ તારા દાસને કૃપા કરી વિદ્યા, સુખ ને હિંમત બહુ આપો, હે પ્રભુ ! હું તારૂં નામ કદી ભુલીશ નહિ.

પાઠ ૨૨ મો

સરદાર—ઉમરાવ, અમીર
સ્વપ્નું—ઉંઘમાં આવતા વિચારો
શિકાર—પ્રાણીઓને મારવાની રમત
હરણી—મૃગલી
રૂપાળું—સુંદર
મન થયું—ઇચ્છા થઇ
ઉપાડી—ઉંચકી
પછળ—પછવાડે
રાજી—ખુશી
વહાલા—પ્યારા
છલંગ—કુદકો
પાડ—ઉપકાર
વારેવારે—દરેક ફેરે
દેવતાઇ—અલૌકિક
પુરુષ—માણસ
બેટા—દીકરા
રાજા—દેશનો ધણી

પાઠ ૨૩ મો

રૂપાળું—સુંદર મજાનું
ભંડારીઆમાં—બારણાવાળાં તાકામાં
હમેંશા—રોજ, દરેક વખતે
ભોગજોગે—નશીબજોગે
રસોડામાં—રાંધવાની જગ્યામાં
મણા—ખામી
પોળી—રોટલી
ઉંદરીઉં—ઉંદર પકડવાનું પાંજરૂ
ઉંદરડી—ઉંદરનું બચ્ચું
ભરાઇ—ફસાઇ
ખુશી—રાજી
બાકુ—કાણું
મજાનું—સારૂં
પાર—છેડો
વલે—હાલત

પાઠ ૨૪ મો

પોલ—પોલાણ
ફેણ—સાપની પહોળી કરેલી ગરદન
જોરાવર—જબરો
ઝેરી—ઝેરવાળો
પછાડા—અફળાટ
ઝાઝા—વધારે
પ્રાણ—જીવ
ફુંફાડા—ફું ફું અવાજ કરવો તે
ચટકા—ડંખ બચકાં ભરવાં
વેર—અદાવત
કાંઠો કિનારો
દર—કણ સાપને રહેવાનું ઘર
વાર—વખતે
રસ્તો—મારગ

બીતો–ડરતો	છોલાઇ–ઘસાઇ	વાસ–ગંધ, સોડમ
પંખી–પાંખવાળું જનાવર	વળગીને–બાઝીને	ભેગી–એકઠી
	દીધા–ભર્યા	અંતે–છેવટે
ધુંદી–ચગદી, કચરી	પછાડી–અફાળી	નાગ–મોટો સાપ

કવિતાના અર્થ—બળ વગરના પણ વધારે માણસથી કદી અદાવત કરીએ નહિ. જેમ આવી રીતે કીડીએ કાળા સાપનો જીવ લીધો તેમ આપણે પણ મરવું પડે.

પાઠ ૨૫મો.

સેવા–ચાકરી
અમાપ–ઘણીજ
મનસુબો–વિચાર
તીરથ–જાત્રા
અચરજ–નવાઇ
આશીશ–આશીરવાદ
કાવડ–વચમાં કામડીને બે છેડે બે શીકાં લટકાવેલાં હોય તેવું પાણી વીગેરે લઇ જવાનું સાધન
સંતાપ–પીડા, દુઃખ
લુલાં–લંગડાં
ધન–પૈસો
પરખી–જાણી
તેવાર–તે વખતે
ખાધે–ખભે
હેત–વહાલ
રાજી–ખુશી
અપાર–ઘણી
ફરજ–કરવા લાયક કામ, [ધર્મ]
મહેર–દયા
લાલાલહેર–આનંદ સુખ

કવિતાની સમજુતિ. (૪)

અન્વય—(એક) ઘરડાં લૂલાં આંધળાં ગરીબ માને બાપ (હતાં) તેનો માધવ (નામે) દીકરો (હતો તે) અમાપ સેવા કરે.

અર્થ—એક આંધળાં, લૂલાં ઘરડાં અને વળી ગરીબ માબાપ હતાં તેમને એક માધવ નામનો છોકરો હતો તે તેમની ઘણીજ ચાકરી કરતો હતો.

(૨) અન્વય—માધવને માબાપ કહે, (કે) મનની વાત સાંભળ (જો) ધન ને આંખો હોત તો તીરથ કરવા જાત.

અર્થ—માબાપ માધવને કહે કે તું મારા મનની વાત (ઇચ્છા) સાંભળ, જો અમારી પાસે પૈસા હોત તો અને અમારી આંખો હોત તો અમે જાત્રા કરવા જાત.

(૩) અન્વય—માબાપનું મન પરખી (તેમને) સુખ કરવા ધારી (વિચાર્યું કે) કાવડ કરીને ફેરવું તો આ દુઃખ જાય.

અર્થ—એવી રીતનું માબાપનું મન જાણી તેમને જાત્રા કરાવી. સુખ કરવું, એમ નક્કી કરી, વિચાર કીધો કે જો હું કાવડ કરીને તેમને ફેરવું તો તેમનું આ જાતરા સંબંધી દુઃખ જાય.

(૪) અન્વય—એવો મનસુબો કરી કાવડ તૈયાર કરી (અને) તેવાર માત પિતા બે પાસે બેસાડીઆ.

અર્થ—માધવે એવો વિચાર કરી કાવડ બનાવી તેની એક બાજુ મા અને બીજી બાજુએ બાપને બેસાડયા.

(૫) અન્વય—કાવડ ખાંધે ભેરવી તીરથ કરવા જાય આ માધવના હેતથી સૌને અચરજ થાય.

અર્થ—માધવ ખભે કાવડ ભેરવી મા બાપને ઉંચકી જાતરા કરવા જાય છે. આવું માધવનું માબાપ ઉપર હેત જોઇ બધા લોકોને નવાઈ લાગી.

(૬) અન્વય—આવા દીકરા (ને) ધન ધન માત બાપ ધન ધન દીકરા (આવા) સારા હોય તો સંતાપ રહે નહિ.

અર્થ—આવા માબાપના સુખને માટે મહેનત લેનાર દીકરાને ધન્ય છે, અને એવા દીકરાનાં માબાપને પણ ધન્ય છે. બધાના દીકરા એવા સારા હોય તો પછી માબાપને જરા પણ દુઃખ રહે નહિ.

(૭) અન્વય—સઘળા તીરથ ફેરા જે વાર ઘેર ગયો (તે વાર) માતપિતા રજી થયાં (અને) અપાર આશીષ દે.

અર્થ—બધા તીરથની જાત્રા કરાવીને જ્યારે ઘેર ગયો ત્યારે મા બાપ બહુ રાજી થયાં અને તેમણે ઘણી આશીષ દીધી.

(૮) અન્વય—દીકરે રજ બજાવી (તે) પ્રભુએ મહેર કીધી. (એમ) માબાપને સુખ આપે (તેને) લીલા લહેર થાયે.

અર્થ—દીકરાએ માબાપની સાથે જેવી રીતે વર્તવું જોઇએ તેમ માધવે કર્યું તો તેનાપર પરમેશ્વરે દયા કરી ઘણું સુખ આપ્યું. તેવીજ રીતે જે છોકરા માબાપને સુખ આપે તેમને પણ પરમેશ્વર ઘણું આપે જેથી આનંદ થાય.

પાઠ ૨૬મો.

ચતુરાઈ—ચાલાકી
કુંજો—બોઘરો
મુંઝાં—જડાં, થાક થાવી
વિચાર—મનનો સારું નરસું ખરું ખોટું તપાસવું તે
કાંકરા—પત્થર,ઇંટ ને,નળીઓ વીગેરેનાં નાના કટકા

ઉપાય—ઇલાજ
ધીરજ—હીંમત, સબુરી
તરસ—શોષ, પાણી પીવાની ઇચ્છા થવી તે
વાડામાં—ઘરની પછવાડેના ચોગાનમાં
ફાંફાં—વલખાં, ડાફાં
પાસે—નજીક
માહે—અંદર

આખરે—છેવટે
વેળા—વખત
રાજી—ખુશી
નાચતો—કુદતો.
છુપાઇને—સંતાઇને
કાજ—માટે, સારૂ
કંકર—કાંકરા
કઠણ—સખત
જલદી—તરતજ

કવિતાના અર્થ—મોટવાનું ઉંડું પાણી ઉપર લેવા માટે કાગડાએ કાંકરા નાખ્યા તેથી પાણી ઉપર આવ્યું તે આજ પીધું. ૧

ધીરજ અને ચતુરાઇથી જે કઠણ કામ હોય તે પણ જલદીથી પૂરૂં થાય છે માટે ભલે સૌ કરી જુએ.

પાઠ ૨૭મો.

કાપણી—અનાજ છોડવા ઝુડાં કાપવું તે
મહેનત—મજુરી
આથમતા-આથમી જતા
બચ્ચી—બોકા
ભાણુ—સુરજ
મલકાવી-હસતું મોં કરી
વંતાક—એક જાતનું શાક વેગણ
દાતરડાં—અનાજ કે ઘાસ કાપવાનું વાંકુ હથીઆર
ચચ્ચાર—ચાર ચાર

દહાડીઆ—મજુરી કરનાર
પટેલ—ખેડુત
વઢાઇ—કપાઇ
મદદ—સહાય
ભાથું—ખાવાનું
તાજા—હુશિયાર
માખણ—દહીંને વલોવવાથી જે ચીકણો હલકો પદાર્થ છાશ ઉપર તરે છે તે
માંડો—સરૂ કરો
બુડે—આથમે
ચાસ—ઓળા

એમ—આવી રીતે

પાઠ ૨૮મો.

ખળાં—ખેતરમાં અનાજ એકઠું કરવા સારૂ ચોકખી કરેલી જગ્યા
પાથરા—કાપવાથી ભોંયે પડેલા છોડ
પગર—દાણા મસળવાને તેનાપર ઢોરને ફેરવે છે તે
કુંવળ—ઘઉંનું પરાળ
ખળી—દાણા મસળવાની જગા.

પટલાણી-પટેલની વહુ
કારભાર-વહીવટ
ઉપણી-ઝાટકી
હોંસીલી-ઉમંગી
પહોંચ્યા-પુગ્યાં
દેખાવ-ચિતાર
ભાર-ઘાસ ભરેલું ગાડું
ઠાલવ્યો-ખાલી કીધો
છેવટે આખરે
પાક-અનાજની પેદાશ
ઉજાણી-જ્યાફત

પાઠ ૨૯ મો.

કાપણી-ઘાસ વીગેરે કાપવાનું કામ

ડુંડાં-કણસલાં
સંપે-હળીમળીને
ઉમંગે-હોંશથી
ફાલ-પાક
કોળી-ફલ્લા
આમ-આ બાજુ, આવી રીતે
તમામ બધા
માસ-મહિના
પીરસી-આપી
સદાય-હમેશાં
ઉભરાયો-ઘણો ફળ્યો
સુંદર-સારો
લણીએ-અનાજનાં ડુંડાં કાપીએ

ખંત ધરી-હોંશ રાખી
કાં-કે
ખળું-અનાજ મસળવાની જગા
હૈયે-મનમાં
હામ-હિંમત
લણણી-ડુંડાં કાપવાનું કામ
ઘાસ-ચારો
પૂળા-જુડીઓ
ગાડું-સામાન ભરવાનું અને બેસવાનું વાહન
વાળુ-રાત્રે જમવાનું જમણ

કવિતાની સમજુતી. (૫)

અન્વ—હે બાળકો (તમો) તમામ આમ આવો (આમ) આવો આપણે કાપણીનું કામ ઉમંગે કરીએ.

જો જો પેલી વાદળીઓ વરસીને ચાલી જાય (છે) બાર માસનું અનાજ પીરસી (તે) સદાય સંપે રહે.

અર્થ—અરે છોકરાઓ! તમે બધા અહીં આવો આપણે હોંસથી કાપણીનું (ખેતરમાંથી ડુંડાં કાપવાનું) કામ કરીએ.

જુઓ! જુઓ! પેલી વાદળીઓ વરસાદ વરસાવીને જાય છે, તે એક વરસ દીવસનું અનાજ પાકે એટલું પાણી આપીને પછી હમેશાં સંપથી રહે છે. માટે છોકરાઓ

(૨) અન્વય—ખેતર માંહે કેવા સુંદર ફાલ ઉભરાયો છે (તેને) સૌ ચાલો ખંત ધરીને લણીએ,

અર્થ—ખેતરમાં શાલ કેવો મજાનો ફાલી નીકળ્યો છે. તે ફાલને ચાલો આપણે બધા હોંશ રાખીને કાપી લઇએ, કાલ શા માટે કરીએ. માટે છોકરાઓ૦

(૩) અન્વય—હાથે વાંકુ દાતરડું લઈ ડુંડાં આમ કાપો, (તેને) લઇ ખળામાં ઢગલો કરતાં હૈયે હામ રાખો.

અર્થ—હાથમાં વાંકું દાતરડું લઈ આવી રીતે ડુંડા કાપો તેને લઇને ખળામાં ઢગલા કરતાં મનમાં હિંમત રાખજો. માટે છોકરાઓ૦

(૪) અન્વય—અનાજની લણણી પુરી થઇ. સર્વે ચાસ કાપો (અને) ચાર ઘાસની ઝોળી લઇને સૌ આ પાસ મૂકો.

અર્થ—ડુંડા કાપવાનું કામ પુરૂં થયું તેથી બધા ઘાસ કાપો, અને ઘાસના કલ્લા લઇને સૌ એક બાજુએ મૂકો. માટે છોકરાઓ૦

(૫) અન્વય—પુળા કરી ગાડામાં નાંખી કામ પુરૂં કરીએ, (અને) ઘેર જઇ વાળુ કરી સરવે ઇશ્વરનું નામ લો.

અર્થ—ઘાસના જુડા બાંધી ગાડામાં નાંખી કામ આટોપી (પરવારી) લઇએ, એટલે ઘેર જઇ વાળુ (રાતનું ભોજન) કરી, આપણે સૌ ઇશ્વરનું નામ લઇ, ભજન કરો. માટે છોકરાઓએ૦

પાઠ ૩૦ મો.

ખળાં-અનાજ મસળ-વાની જગા	આવાર-હમણાંજ	ઉપણીએ-કચરો કાઢીએ
ખેડુત-ખેતી કરનાર	દીસે-દેખાય	તમામ-બધા, સર્વે
અનાજ-દાણા	છુટું-જુદું	કોથળા-ગુણો
ફુસાં-ફોતરાં, છોતરાં	સરસ-સારા	કાજ-કામ
	પિંજાય-કચરાય	ફળ-બદલો
	કણ-દાણા	મહેનત-મજુરી

કવિતાની સમજુતી. (૬)

અન્વય—(હો) બાળકો આવાર આવો. જો ખળાં તૈયાર દીસે (છે) ચાલો આજ ડુંડામ રહેલું અનાજ છુટું કરીએ.

અર્થ—હે છોકરાઓ તમે હમણાં અહીં આવો, જુઓ! ખળાં તૈયાર થએલાં દેખાય છે માટે ચાલો આજ આપણે ડુંડામાં રહેલા અનાજના દાણા છુટા પાડીએ.

(૨) અન્વય—જેમ બળદો ગોળ ફરતા (હોય) તેમ આપણે સૌ ફરીએ (તેથી) જો ડુંડાં સરસ પિલાય તો તરત છુટા કણ થાય.


અર્થ—જેમ ખળામાં બળદો ફરતા હોય છે તેમ આપણે બધા ફરીએ; જો સારી રીતે ડુડાં ચગદાય (કચરાય) તો તેમાંથી અનાજના દાણા તરત છુટા થાય.

(૩) અન્વય—આમ ટોપલામાં ભરીએ (અને) તમામ અનાજ ઉપણીએ, (તેથી) જો! જો! ફુસાં ઉડી જાય (છે, ને) બધા કણ નીચે વેરાય (છે).

અર્થ—આવા રીતે તમામ અનાજ ટોપલામાં ભરીને ઉપણીએ (ઝાટકીએ) તેથી જુઓ! જુઓ! ફોતરાં ઉડી જાય છે, અને બધા દાણા નીચે વેરાય છે.

(૪) અન્વય—સાથ કોથળાઓ લઇએ (અને) આમ હાથો હાથ ભરીએ (જો) ખેડુતોનું કાજ કરીએ (તો) આજ મહેનતનું ફળ મળે.

અર્થ—આપણે સાથે કોથળ લઇ તેમાં આવી રીતે હાથો હાથ અનાજ ભરીએ, જો આપણે ખેડુતનું કામ કરીએ તો આપણને આજ મહેનતનું ફળ મળે.



પાઠ ૩૧ મો.

આકાશ–ગગન.
સહેલ–મજા, ગમત.
નીકળ્યા–ચાલ્યા.
ચંદ્રમાં–ચાંદો
ત્યાર પછી–તેની પછી
મેદાન–સપાટ જમીન.
અજવાળું–પ્રકાશ.
ઝગઝગે–ચકચકે, તગે.
આથમે–સૂરજ દેખાતો બંધ થાય.
ઝાંખો–તેજ વગરનો.
કામઠું–ધનુષ.
દહાડો–દિવસ
ગગન–આકાશ
વારૂ–વખત
તારા–ચાંદરણાં
વહેલાં–જલદી.

પાઠ ૩૨ મો.

(ભાગ ૧ લો)

વરસાદ–મેઘ, આકાશમાંથી પાણી પડે તે.
દરીઆમા–સમુદ્રમાં
ફોરા–મોટા છાંટા.
બેસાડયાં–ગોઠવ્યાં
સવારે–દિવસ ઉગતા પ્રભાતે. [ચોતરો.
ઓટલો–ઘરને લગતો
ઢંકાઇ–દબાઇ.
જરૂર–ખપ, કામ.
પોચી–નરમ.
તળાવ–પાણી ભરાઇરહે તેવો મોટો ખાડો, નાનુ સરોવર
નદી–વહેતા પાણીનો ઝરો.
રથ–ચાર પૈડાવાળી બેસવાની ગાડી.
પવન–વા, વાયરો.

પાઠ ૩૨ મો.

(ભાગ ૨ જો.)

થોભ્યાં–અટકયાં. [વાનું.
પરસાદ–જમવાનું, ખા-
રેલમરેલા–રેલછેલ.
ચોકખી–સાફ. [શાક.
કારેલાં–એક જાતનું કડવું
બિચારા–બાપડા
ઘેબરીઓ–ઘેબરના જેવે, મીઠો, જાડા રોટલા
નેવલે–નેવાંએ, ઘરના છાપરા ઉપરનાં નળીઆંની પાણી જવાની ખોભણ.
મજા–ગમ્મત. [ગામ.
ગામડાં–થોડાં ઘરવાળાં
માંડયા–લાગ્યા.
કચરો–પૂંજો. [ના કડકા.
કાંકરા–નળીઆંને પથરા-
પછડાતા–અફળાતા.
તણાઇ–ખેંચાઇ.
નાચતાં–કુદતાં
છેવટે–છેલ્લે, આખરે.
ગીત–ગાયન.
ઉનીઉની–ગરમાગરમ.
નઠારી–ખરાબ.
તાણી–ખેંચી.

કવિતાના અર્થ—હે વરશાદ તું આવ, જેથી અમોને ઘેબરીઓ પરસાદ, ઉની ઉની રોટલી અને કારેલાનું શાક ખાવા મળે.

હે વરસાદ તું એટલે બધો આવ કે નેવે પાણી આવીને નઠારી છોકરીને દેડકાં તાણી જાય.

પાઠ ૩૩ મો

દંઘું–રોડું, દગડું.
મટોડી–માટી.
કાદવ–કીચડ, પાણીમાં કોહેલી માટી.
શાહી–રૂશનાઇ લખવા માટે મેસ હીરાકશી વીગેરેની બનાવેલી તે
પ્યાલામાં—પવાલામાં ગ્લાસમાં.
તળીએ–નીચે.
ડહોળું–કચરાવાળું.
નીતર્યું–ચોકખું.
રસ્તા–મારગ [દેખાયતેવું
પાચું–નરમ, દાબીએ તો
રેતી–જરા જાડી ધૂળ
ઘસડી–ખેંચી.
કઠણ–સખત.
ધારવાળા–કોરવાળા.
કકડા–ટુકડા.
ભોંય–જમીન.
કાંકરી–જાડી રેતી.
ખરે–નીચે પડે,
ચૂસી–શોસી.

પાઠ ૩૪ મો.

માટી–મટોડી.
ઇંટવાડો–ઈંટો પકવવાની જગા, (ભોટ
કણક–ઘડવાનો કેળવેલો
સીંચ્યાં–ખડક્યાં
નળીઓ–ઠીકરાં, નાળો.
ઘાટ–આકાર
કોઠી–દાણા ભરવા માટે માટીનું બનાવેલું મોટું વાસણ
ચપ્પુ–ચાકુ.
ભઠ્ઠી–માટીના વાસણ પકવવાની જગા.
કોડીઆ–દીવા કરવાના માટીના કટોરા
ભોંયમાંથી–જમીનમાંથી
તપાસી–જોઇ.
કઠણ–સખત
ચીકણી–ચીકાશવાળી, ચોંટે એવી
નરમ–પોચી
ભાગ–કકડા
જોર–બળ
ઝટ–તરત
કાણાં–બાકોરાં
રેડી–નાંખી [ગાગર.
ઘડા—પાણી ભરવાની

પાઠ ૩૫ મો.

ધાતુઓ–ખનિજ પદાર્થો.
સળીઓ–ગજીઓ
હથોડા–ટીપવાનું ઓજાર
જતરડામાં–લોઢાનું કાણાવાળું (તાર કરવાનું) ઓજાર
લાલચોળ–ઘણોજ રાતો
પિત્તળ–વાસણ બનાવવાની જસત અને તાંબાની મેળવણીની બનાવેલી ધાતુ
ઓછાવત્ત–થોડા ઘણા
ટીપ્યો–ઘડયો
ઓળખાવ્યા—ઓળખાણ પાડી
છેટે–દૂર
લુહાર–લોઢું ઘડનાર [ચો
ઘમણ–દેવતા ફુંકવાનો સં-
તપાવ્યો–ગરમ કર્યો
ખૂબ–ઘણોજ
એરણ–સોની લોકો જેનાપર મૂકી ટીપે છે તે ઓજાર
તાર–વાળો
ચળકે છે–ઝગઝગે છે

કશાના–કોઇપણ વસ્તુના
ઝાંખો–ચળકાટ વગરનો

પાઠ ૩૬ મો

નાણું–ધન
શેઠ–સાહુકાર
કોથળી–થેલી
વટાવ્યા-છુટા પૈસા લીધા
ઢગલી–એક જગ્યાપર એકઠા કરવા તે
રૂપીઆ–રૂપાનું નાણું
દમ્મુ–બેવડો પૈસો
મહોર–પંદર રૂપિયાનું સોના નાણું
બજારે–ચૌટામાં
અધેલા–અરધા પૈસાનો સિક્કા
સલામ–જમણો હાથ કપાળે અડકાડવો

પાઠ ૩૭ મો

કુહાડી–લાકડાં કાપવાનુ ઓજાર
તકરાર–લઢાઇ, ટંટો
મોટાઇ–વડાઇ, આબરૂ
મુદર–કુહાડીનો ઉપલો ભાગ
લક્કડફોડા–લાકડાં ચીર[નાર
દીકરી–છોકરી
ચળકાટ–ઝળકાટ
કોદાળી–જમીન ખોદવાનું ઓજાર
ધાર–કોર
ચીરૂં–ફાડું
જીવ–પ્રાણ
તોલે–બરાબર
નાકું–કાણું
સખત–કઠણ
ફાટફાટ–ચીરાઇજાય તેમ
કપડાં–લુગડાં
વઢી–લઢી
બિચારી–બાપડી
વાર–વખત
પેદા થયાં–ઉપજ્યાં

પાઠ ૩૮ મો

વાડી–બાગ
જમરૂખી–જામફળનું [ઝાડ
ત્રિકોણ–ત્રણ ખૂણાવાળી
લલકારતો–રાગ કાઢી બોલતો
કયારા–ચારે બાજુએ પાળ કરેલી હોય એવા જમીનના ટુકડા
મધપુડો–મધમાખીને રહેવાનું ઘર
લીલાંછમ–ઘણાંજ લીલાં
આકાર–ઘાટ
ગલગોટા–એક જાતનું [ફૂલ
માળી-ફૂલ વેચનાર. [વર
પંખી–પાંખવાળાં જના-
ડાળી–પાંખડી
કોસ–કુવામાંથી પાણી કાઢવાને ચામડાનું કોથળી જેવુંબનાવલું હોય તે
થાળુ–કુવાને મથાળે પાણી ભરવાને બાંધેલું હવાડા જેવું હોય તે
નીક-પાણી જવાનોરસ્તે
ખૂશ ખૂશ–રાજી રાજી

પાઠ ૩૯ મો

છોડવા નાના ઝાડવાં
કળી-ઉઘડયાં વગરનું ફૂલ
દાંડી–ડાળી
મૂળીઉં–મૂળ
પથરાય–ફેલાય
સમજાશે–ખબર પડશે
સુકાઇ–મરી જઇ
કોહળાનો–એક જાતના શાકનો
જીવતા–જીવવાળા
વચ્ચે–વચમાં
ઉખેડી–ઉપાડી
થડ–મૂળ અને ડાળાની વચ્ચેનો ઝાડનો ભાગ
ફૂટેલી–નીકળેલી
ડાળી–ઝાડના મોટા ફાંટા

પાંદડાં—પાંતરાં
ખીલશે—ફૂલશે
રોજરોજ—દરરોજ
પેઠે—જેમ, રીતે

પાઠ ૪૦ મો

ખરબચડી—ખાડા ટેકરા-વાળી
ટટાર—સ્થિર
ખુરશી—બેસવા માટે કરેલું લાકડાનું ટેકાવાળું આસન
મૂળીઆં—મૂળ
ડાળી—ફણગા
નળ—ભુંગળું
છાલ—છોડાં
મેજ ટેબલ
ખાટલા—ઢોલીયો

પાઠ ૪૧ મો

તુરીઉં—એક જાતનું શાક
આરીઆના—કાકડીના, ચીભડાના
માંડવા—મંડપ
શાક તરકારી
છાપરૂં—ઘરની છેક ઉપરનો ભાગ
લીલુંછમ—ઘણું લીલું
છોડવા—નાના ઝાડવા
વળગીને—બાઝીને
પથરાઇ—ફેલાઇ
વીંટળાઇને—અમળાઇને
તરખુચ—કુંગડ
જણાતાં—દેખાતાં
ઉખેડયો—ઉપાડયો
બતાવ્યાં—દેખાડયાં
ટૂંકાં—નાના
અંતરે—છેટે
ગાંઠા—ગાંઠ

પાઠ ૪૨ મો.

કયાં—કયે ઠેકાણે
ગોટલો—મોટા ફળમાં અંદરની બાજુએ જે કઠણ ભાગ હોય તે
પાકેલી—રસદાર
ભગવાન—ઇશ્વર
જતન—સંભાળ
લાગી—મંડી
દહાડો—દિવસ
વાસ—ગંધ, સોરમ
બાઝી—વળગી
પવને—વાયે
ભાર—બોજો
નીચા—જમીન તરફ
ડોલ શરીર
ગર—ગરભ, ગલ
બી—બીજ, બીયું
સવારમાં—પ્રભાતમાં
ઘોળજે—દાબી દાબીને પોચી કરજે
હીસો—પોચો
ડીટું—ડીચું
ફેંકો—નાંખી
ત્યાં—તે ઠેકાણે

પાઠ ૪૩ મો.

હીંડે—ચાલે
નિરાંતે—શાંતિથી
વગડાઉ—જંગલી
અમળાઇને—વળીને
વાગોળવું—ખાધેલું મોંમાં પાછું લાવી ચાવવું
જબરી—જોરાવર, બળવાળી
જડબાં—ડાચાં (બુત
જોરાવર—જબરી, મજ-
ધીમેધીમે—હળવેહળવે
ભસતો—ઓરડતો, કુતરો ઘુરકતો હોય તે
ફાટ—ચીરો
ઉતરી—ખુંચી, પેસી
ચામડી—ખાલ
કઠણ—સખત
ખાડ ખાંમે ચાંઆ
વાર—વખત
લગી—સુધી
ગમે—પસંદ પડે
પૂરી પડે—પહોંચી વળે

પાઠ ૪૪ મો.

ડુંગરા—ટેકરા, નાનાપર્વત

ચતુંપાટ–ચતું [રાવર
મજબૂત–બળવાળા, જો-
ભરવાડ–બકરાં ને ઘેટાંનો
ગોવાળ
સોબત–સંગત, સાથ
લાગ–દાવ
ટોળામાંથી–જથામાંથી
છટકી–નાસી
રસ્તે–મારગે
ભાવતો–પસંદ પડતો
કઠણ–અઘરૂં
માંડી–ગોઠવી
ઠરતા–ટકતા
વારેવારે–હરઘડી
કુદકો–ઠેકડો
ગબડયું–ગબડી પડયું,
નીચે પડયું
શોધવા–ખોળવા
ઉંચકીને–ઉપાડીને
ભૂલ–ચૂક
કીધા–કરી
યાદ રાખજે–મરત રા-
ખજે, ધ્યાન રાખજે
ફેર–તફાવત
આછા–છેટે છેટે
ઉન–ઘેટાના વાળ
ભાર–બોજો

પાઠ ૪૫ મો.

ગુણ–ફાયદો
જણસો–વસ્તુઓ ચીજો
પેંડા–માવો ને ખાંડનો
બનાવેલો પદાર્થ
દોહ્યા–દૂધ કાઢયા
શીખંડ–દહીં ને ખાંડનો
બનાવેલો પદાર્થ
દૂધપાક–દૂધને ઉકાળી
ચોખા ખાંડ નાંખી
બનાવેલો પદાર્થ
જાનવર–જનાવર, પશુ,
પક્ષી વગેરે
લોચા–લચકા
બાસુદી–દૂધ ને ખાંડનો
બનાવેલો પદાર્થ
વધારે–બહુ
મીઠું–ગળ્યું
ઠંડું–ટાઢું
બગડી–ખરાબ થઇ
આંચળ–થાન [illegible]
મેલ–કચરો
તર–મલાઇ

પાઠ ૪૬ મો.

ડાઘીઓ–ડાઘવાળો
શિઆળ–કુતરાના જેવું
જનાવર
પરસેવો–ઘામ, ડીલમાંથી
પાણી નીકળે છે તે
ચાલાક–ચંચળ
પ્રાણી–જનાવર
ઝોકાં–ડોલાં
ચશ્માં–આંખોએ પહેર-
વાની કાચની તખતી
કારકુન–મહેતો [નહિ
કકરા–ખરબચડા, લીસા
બબ્બે–બેનું જોડકું
રાજા–ઉપરી
પસંદ–ગમતું
સભા–મંડળ
ચુપચુપ–છાનામાના
અંત–છેવટે
જણાય–માલમ પડે
ગંધ–વાસ
એકદમ તરત
સઘળા–બધા
રીઝે–ખુશી થાય
વચ્ચે–વચમાં, અંદર
તીણા–અણીદાર
ખોરાક–ખાવાનું
જડબાં–ડાચાં
છેલ્લી–છેવટની

પાઠ ૪૭ મો.

પંખી–પાંખવાળાં જાન-
વર [મૂકે છે તે
ઈંડાં–પક્ષી વીયાય ત્યારે
બચ્ચાં–ઈંડાંમાંથી નીક-
ળે છે તે
સમડી–એક જાતનું પાં-
ખવાળું જનાવર

કબુતર—એક જાતનું પક્ષી
જલકુકડી—પાણીમાં રહે-
નાર પક્ષી
જનાવર—જાનવર
ડીલે—શરીરે [ઘર
માળા—પંખીને રહેવાનું
પડ—અસ્તર
જોડાયેલાં—બંધાયલાં
તરતાં—પાણીની સપાટી
ઉપર રહેતાં

પાઠ ૪૮ મો.

ભુખ્યો—ખાધા વગરનો
જીવજંતુ—નાનાં જીવડાં
વિચાર—મનસુબો
લુચ્ચા—ખળ, દોંગા
કોહેલું—સડેલું
સળેલું—જે વસ્તુમાં કીડા
પડયા હોય તેવું [ઘર
પાંજરૂં-પોપટને રાખવાનું
તરબુજ—કલીંગડ
કકડો—ટુકડો
મૂકયો—મેલ્યો
ધારીને—જાણીને
ફેર—તફાવત
છેડેથી—નાકેથી
સીધા—પાધરી
કૂદતો—નાચતો, થેકતો

પાઠ ૪૯ મો

પડીકું—અંદર કંઇ ચી-
જ ને ઉપર કાગળ વીં-
ટાળેલો હોય તે, નાના
પડા
હલાવ્યુ—ડોલાવ્યું
મહેતાજી—છોકરાને ભ-
ણાવનાર, માસ્તર
હળદર—અવજ (એક જા-
તનું મૂળ અંદર પી-
ળા રંગનું તે દવાના
ને રસોઇના કામમાં
આવે છે)
રકેબી—તાસક, તબકડી
ચમચો—નાની કડછી
પ્યાલું—પવાલું, જામ
રેડી—નાંખી
મેળવી—ભેગો કરી
ખરેખરો—સાચો
બરાબર—સરખો
મળતો—ભળતો
સરખે ભાગે—બરાબર

પાઠ ૫૦ મો.

પારણું—ઘોડીઉં
પાંગરા—પારણું બાંધવા-
ની દોરી [ચકરડી
ભમરી—લાકડાની ફુદડી,
મખમલ-એક જાતનું ઉ-
નનું કપડું [નીલી
ચિનાઇ—ચીન દેશની બ-
દોયણાં—પારણું બાંધવા-
ની દોરી [ખેંચવી
ઘુમણ—ગીત ગાતાં દોરી
મશરૂ—એક જાતનું રે-
શમી કાપડ
રસીલા—રસીયા
તળાઇ—ગારલું, ગદેલું
મણી—છોકરીનું નામ છે
નદુ—છોકરાનું નામ છે
ઝોળી—ખોઇ
ઝાપટી—ખંખેરી
પરોવ—ઘાલ
ભેરવ—વળગાડ [તિઓ
પુતળીઓ—લાકડાની મૂ-
પોચી—નરમ
મજા—ગમ્મત
હીરની—રેશમની
ઝુલાવવા—હીંચોળવા,હ-
લાવવા
હાલરડું—બાળકને ઉંઘા-
ડતાં ગાવાનું ગીત
ગીતે—ગાઇને
રંગીત—રંગેલું
પોઢો—સૂઓ
ઝાઝા—વધારે
હેતે—પ્રીતે
ઝુલાવું—હીંચકા નાખું
પધરાવું—બેસાડું
ચીતરેલ—ચીતરેલી
પઢાવું શીખાવું

ભલી–સારી	ચાદર પછેડી, ઓછાડ	ઘેરાંઘેરાં–મધુરાં
મોરલો–મોર	સેજ–પથારી	લાડકડા–લાડકા. વહાલા
મઢાવુ–જડાવુ	બીછાવું–પાથરૂ	ગજવે–ખીસામાં, ઘું-જામાં
તાજી–તરતની ભરેલી	હીંચોળુ–ઝુલાવુ	

કવિતાની સમજુતી. (૭)

અન્વય—ભાઇને હાલરડું વહાલું રે (તેથી હું) ગીતે ઘુમણ ઘાલુ રે ભાઇને

રસીલા રંગીત પારણે પોઢો (હું) ઝાઝા હેતે ઝુલાવું, ભાઇને પારણીએ ભમરી જડાવું (અને) પુતળીએ પથરાવું—ભાઇને૦

અર્થ—મારા ભાઇને ઉંઘાડતાં ગાવાનું ગીત ઘણું વહાલું લાગે છે તેથી ગીત ગાતાં દોરી ખેંચીને હીંચકાં નાંખું.

હે રસીલા? રંગેલાં ઘોડીઆમાં તમે સુઇ જાવ, હું તમને ઘણા હેત વડે હીંચકા નાખું, હે ભાઇ તમારે ઘોડીએ ફુદડીઓ ચોઢાવું અને લાકડાની પુતળીઓ બેસાડું—મારા ભાઇને૦

(૨) **અન્વય**— પારણે ચીતરેલી ચાંચની ચકલી ચઢાવું (અને) પોપટ પઢાવું, ભાઇને ભલી રીતેથી રમવા મોરલો સોને મઢાવું—ભાઇને૦


અર્થ—ઘોડીઆ ઉપર ચીતરેલી ચાંચવાળી ચકલીઓ અને ભણતો હોય એવી રીતે પોપટ બેસાડું, અને હે ભાઇ તારે સારૂં સારી રીતે રમવા માટે મોર સોનેથી મઢાવું—મારા ભાઇને૦

(૩) **અન્વય**—પારણીએ મખમલ (અને) મશરૂની તાજી તળાઇઓ પથરાવુ (અને) સૂવાની સેજ ચિનાઇ ચાદર(અને) ચંપાના ફૂલડાં બિછાવું—ભાઇને૦

અર્થ—ઘોડીઆમાં તરતની ભરેલી મખમલ અને મશરૂની ગાદીઓ પથરાવું અને તે ઉપર ચીન દેશમાં બનેલી ચાદર અને ચંપાના ફૂલ પાથરી સુવાને માટે પથારી પાથરૂ—મારા ભાઇને૦

(૪) **અન્વય**—હે વહાલા હીરની દોરીઓ હીંચોળું અને ઘેરાં ઘેરાં ગીત ગાઉં, (હે) લાડકડા ભાઈ (જ્યારે) ઊંઘીને ઊઠશે (ત્યારે) ગજવે ખાવું ઘાલીશ—ભાઇને૦

અર્થ—હે મારા વહાલા! હું હીરની દોરી બાંધી હીંચકા નાંખું, અને આંખમાં ઘેન આવે એવાં મધુરાં ગીત ગાઉં, હે મારા લાડકવાયા તમે જારે ઊંઘીને ઉઠશો ત્યારે તમારા ખીસામાં (ધુંજામાં) ખાવું ઘાલીશ– મારા ભાઇને૦



પાઠની અંદરના બીજા શબ્દો,

નિશાળ	કુઓ	જુદું	કહાડીઆ
દવાળી	મસિઅ	છેતર્યાં	કુંવળ
લીપેગુંપે	ઉતર્યા	શિઆળ	હમણા
કુટાકડા	માંડયું	વિચાર	રેલમરેના
વિષે	અહીં	મેં	ટીપ્યો
રવિ	પીંઆ	ભિખારી	ઓછાવત્તા
ગુરુ	શેતરંજી	પ્રભુ	તાંબું
શનિ	જીત્યો	પકડયું	ત્રિકોણુ
અઠવાડીઉ	રડયા	શિકાર	કાણુવાળું
પાટીઉ	પરીઆ	બચ્યું	મુળીઉં
ફૂલઝાડ	ફેંકાફેંકી	પુરૂષ	ખરબચડી
ચિત્રો	દુઃખ	પરમેશ્વર	લીલુંછમ
શિક્ષા	નહિ	મઝાની	હીંડે છે
અંગરખી	માર્યા	ઉંદરીઊ	સીંગડાં
સેંધી	પ્રાણી	હમેશાં	નિરાંતે
ચોકખાઇ	ફાંફાં	ફુંફાડા	ચત્તુંપાટ
ફાલ્લા	તૈયાર	આાશય	શિખંડ
ચરસગાંઠ	હોશિયાર	ચતુરાઈ	ઈંડાં
બત્રીજો	લલ્લુ	ચચ્ચાર	શીખવ્યું



મુખગણિત

(૧) ૪૭ + ૫, ૫૨ + ૮, ૫૮ + ૮, ૬૬ + ૭, ૭૩ + ૯.

(૨) ૧૦૨ + ૪, ૧૦૬ + ૭, ૧૧૩ + ૯. ૧૨૨+૮, ૧૩૦+૬.

(૩) ૮૪ − ૫, ૭૯ − ૭, ૭૨ − ૮, ૬૪−૬, ૫૮ − ૯.

(૪) ૨૦૦ − ૯, ૧૪૧ − ૭, ૧૮૪ − ૬, ૧૭૮−૧૦, ૧૬૮−૫.

(૫) મારી પાસે ૧૮૦ રૂપીઆ છે તેમાંથી ૭ રૂપીઆ વાપરૂં તો કેટલા રહે ?

(૬) એક કોથળીમાં ૯૪ રૂપીઆ હતા તેમાં ૯ રૂપીઆ નાખ્યા તો કેટલા થયા ?

(૭) એક પૈસાનાં ૭ બોર તો ૯ પૈસાનાં કેટલાં બોર ?

(૮) એક આનાનાં ૫ કેળાં તો ૮ આનાનાં કેટલાં કેળાં ?

(૯) એક ઘોડાના ૧૦ રૂપીઆ બેસે તો ૯ ઘોડાના કેટલા બેસે ?

(૧૦) ૭ ગાયના પગ કેટલા ?

(૧૧) ૮ આનાના પૈસા કેટલા ?

(૧૨) ૫ રૂપીઆના આના કેટલા ?

(૧૩) ૯ ચોપડીના ૨૭ આના બેસે તો ૧ ચોપડીનું શું બેસે ?

(૧૪) ૮ છોકરાને ૪૦ બોર વહેંચવાં છે તો ૧ છોકરાને કેટલાં મળે?

(૧૫) ૪૨ રૂપીઆ ૭ ભિખારીને આપીએ તો દરેકને કેટલા રૂપીઆ મળે?

(૧૬) ૮૪ પાઇના આના કેટલા ?

(૧૭) ૪૦ બેઆનીના રૂપીઆ કેટલા ?

(૧૮) ૧૦૫ રૂપીઆની મહોર કેટલી ?

સવળી.	સંખ્યા	અવળી.	
એકમ.	૧.	દશહજાર.	૧૦૦૦૦.
દશક.	૧૦.	હજાર.	૧૦૦૦.
સો.	૧૦૦.	સો	૧૦૦.
હજાર.	૧૦૦૦.	દશક.	૧૦.
દશ હજાર	૧૦૦૦૦.	એકમ.	૧.

સંખ્યા લેખન ને સંખ્યા વાચન.

દશહજાર	હજાર	સો	દશક	એકમ	
				૭	સાત
			૫	૮	અઠ્ઠાવન.
		૪	૦	૯	ચારસો, નવ.
	૫	૦	૭	૯	પાંચ હજાર, ઓગણાએંશી.
૯	૭	૮	૭	૦	સત્તાણું હજાર, આઠસો, સિત્તેર.
૮	૦	૦	૦	૦	એંશી હજાર.
	૯	૭	૦	૦	નવ હજાર, સાતસો.
૪	૫	૦	૬	૯	પિસતાલીસ હજાર, ઓગણોતેર.
૯	૯	૯	૯	૯	નવાણું હજાર, નવસો, નવાણું.

સંખ્યા પૃથક્ કરણ—૮૪૮૫૨ નું—આઠ દશ હજાર, ચાર હજાર, આઠ સો, પાંચ દશક ને બે એકમ.

સંખ્યા સંયોગી કરણ—૫ દશહજાર, ૯ સો, ૭ એકમ તે કઈ સંખ્યા?

જ. ૫૦૯૦૭.

ચલણી નાણાની ધાત.

તાંબા નાણું—પાઈ, અધેલો, પૈસો ને ઢબુ
નીકલ નાણું—આની ને બે આની.
રૂપા નાણું—બે આની, પાવલી. અર્ધો, ને રૂપીઓ
સોના નાણું— પોંડ, સોવરીન, કે મહોર

(૧) નાણાની ધાત.

૧।। પાઈનો અધેલો
૩ પાઈનો પૈસો
૨ પૈસાનો ઢબુ
૪ પૈસાનો આનો (આની)
૮ પૈસા કે ૨ આનાની — ૧ બે આની
૧૬ પૈસા, ૪ આના કે ૨ આનીનું — ૧ પાવલું
૩૨ પૈસા, ૮ આના ૪ બે આની કે ૨ પાવલાનો — ૧ અર્ધો
૬૪ પૈસા ૧૬ આના ૮ બે આની ૪ પાવલાં કે ૨ અર્ધાનો — ૧ રૂપીઓ
૧૫ રૂપીઆની ૧ મહોર

(૨) રૂપીઆની સાથે સંબંધ

રૂપીઆના અર્ધા ૨
રૂપીઆના પાવલા ૪
રૂપીઆની બે આની ૮
રૂપીઆના આના ૧૬
રૂપીઆના ઢબુ ૩૨
રૂપીઆના પૈસા ૬૪
રૂપીઆના અધેલા ૧૨૮
રૂપીઆની પાઈ ૧૯૨

(૩) જુદાંજુદાં પરિમાણોના આના.

રૂપીઆના આના ૧૬
૦।।। રૂપીઆના આના ૧૨
૦।। રૂપીઆના આના ૮
પાવલાના આના ૪
બે આનીના આના ૨

(૪) જુદાં જુદાં પરિમાણોના પૈસા	(૫) જુદાં જુદાં પરિમાણોની પાઇ
રૂપીઆના પૈસા ૬૪	રૂપીઆના પાઈ ૧૯૨
૦॥। રૂપીઆના પૈસા ૪૮	૦॥। રૂપીઆની પાઇ ૧૪૪
૦॥ રૂપીઆના પૈસા ૩૨	॥ રૂપીઆની પાઇ ૯૬
૦। રૂપીઆના પૈસા ૧૬	૦। રૂપીઆની પાઈ ૪૮
બે આનીના પૈસા ૮	બે આનાની પાઇ ૨૪
આનીના પૈસા ૪	આનાના પાઇ ૧૨
ઢબુના પૈસા ૨	ઢબુની પાઇ ૬
	પૈસાની પાઇ ૩
	અધેલાની પાઇ ૧॥

ધાતના સવાલ.

(૧) ૭ આનાની પાઇ કેટલી?

(૨) ૬ રૂપીઆના આના કેટલા?

(૩) ૯ મહોરના રૂપીઆ કેટલા?

(૪) ૨૪ પૈસા છે તેની બેઆની કેટલી આવે?

(૫) ૧૮ અર્ધા રૂપીઆ છે તેના આખા રૂપીઆ કેટલા થાય?

(૬) ૫૬ બેઆની છે તેના કેટલા રૂપીઆ આવે?

(૭) ૯૦ રૂપીઆ છે તે વટાવીને મહોર લીધી કેટલી આવે?

(૮) મારી પાસે ૩ પાવલી હતી તેમાંથી મેં ૧૦ આનાની બરફી લીધી તો બાકી શું વધે?

(૯) ૧ આનાનું શેર દુર મળે છે તો અર્ધા રૂપીઆનું કેટલું આવે?

(૧૦) ૧ ભિખારીને બેઆની આપીએ તો તેવા ૭૨ ભિખારીને આપવા કેટલા રૂપીઆ જોઇએ?

પદાર્થપાઠ સાર.

પાઠ ૧ લો. આકાશની સહેલ.

આકાશમાં શું શું દેખાય છે તે—સુરજ, ચંદ્રમા, તારા.
દિવસ તારા દેખાતા નથી તેનું કારણ—તારાનું તેજ ઝાંખું છે. તેથી દિવસે સુરજના તેજને લીધે તારા દેખાતા નથી.

પાઠ ૨ જો વરસાદ.

વરસાદ—વાદળામાંથી પાણીનાં ફોરાં પડે છે તેનું નામ વરસાદ.

વાદળાં—સુરજના તાપથી નદી, તળાવ ને દરીઆના પાણીની વરાળ થઇ આકાશમાં ચડે છે ને ત્યાં એકઠી થાય છે. એવી એકઠી થએલી વરાળનું નામ વાદળાં

વરસાદ પડવાથી શું થાય?—જમીનમાં બી ઉગી નીકળે. ઘણા ફોરાં એકઠાં થઇ મોટા રેલો ચાલે. ઘણા રેલા એકઠા થઇ નદી ચાલે ને જમીન પરનો કચરો ખેંચાઇ જાય.

પાઠ ૩ જો ઢેફું. પત્થર ને રેતી.

ઢેફું—પોચું, મટોડી ને રેતીનું બનેલું ને પાણી ચુસી લે તેવું.

પત્થર—કઠણ રેતીનો બનેલો ને પાણી ન ચૂસે તેવો.

માટી—પાણીને ડહોળું કરે છે.

રેતી—પાણીને ડહોળું કરતી નથી.

પથરાનો ઉપયોગ—ઘર બાંધવાના કામમાં આવે છે.

ઢેફાંનો ઉપયોગ—ઘર બાંધવાના કામમાં આવે છે.

રેતીનો ઉપયોગ—ઘર બાંધવાના ને સાહી ચુસવાના કામમાં આવે છે.

માટીનો ઉપયોગ—વાસણો બને છે.

પાઠ ૪ થો. માટી

માટીનો રંગ—માટી રંગે પીળી, રાતી, ધોળી, ભુરી કે કાળી હોય છે.

સુકીમાટી—કઠણ, બરડ ને પાણી ચૂસી લે તેવી.

લીની માટી—પોચી, ચીકણી ને નરમ.

માટીનાં વાસણોનાં નામ—ગોળી, ગાગર, ઘડા, કોઠી, કોડીઆં, વગેરે.

પાઠ ૫ મો. ધાતુઓ.

ધાતુ—જે ચળકે છે, ટીપી શકાય છે ને જેના તાર થાય છે તે ધાતુ કહેવાય છે.

ધાતુનાં નામ—સોનું, રૂપું, તાંબું, પિત્તળ, લોઢું, કલાઇ, સીસું ને જસત.

ધાતુનાં રંગ—સોનાનો પીળો, રૂપાનો ધોળો, તાંબાનો લાલ, પિત્તળનો ઝાંખો પીળો ને લોઢાનો કાળો.

પાઠ ૬ઠો નાણું.

તાંબા નાણું—પાઇ, અધેલો, પૈસો ને ઢબુ.

નીકલ નાણું—આની ને બેઆની.

રૂપાનાણું—બેઆની, પાવલી, અર્ધો ને રૂપીઓ.

સોનાનાણું—મ્હોર.

પરસ્પર સંબંધ.

૩ પાઇનો પૈસો.	૨ બેઆનીની પાવલી.
૨ અધેલાનો પૈસો.	૨ પાવલીનો અર્ધો.
૨ પૈસાનો ઢબુ.	
૪ પૈસાની આની.	૨ અર્ધાનો રૂપીઓ.
૨ આનાની બેઆની	૧૫ રૂપીઆની મહોર.

પાઠ ૭મો. કુહાડી ને સોય.

કુહાડીના ભાગોનાં નામ—પાનું, ધાર, મુદર ને હાથો.
સોયનાં ભાગોના નામ—અણી ને નાકું.
કુહાડીનો ઉપયોગ—લાકડા ફાડવાના ને ચીરવાના ખપની છે.
સોયનો ઉપયોગ -કપડા સાંધવાના ને સીવવાના ખપની છે.
કુહાડી, સોયને કોદાળીની મા—લોઢું

પાઠ ૮ મો વાડી

વાડી—ફૂલઝાડને ફળઝાડ વાવ્યાં હોય તેવી જગા.
કયારાના આકાર—ત્રિકોણ, ચોરસ ને ગોળ
વાડીમાનાં ઝાડોનાં નામ—ગલગોટા, મોગરા, દાડમ, જમરૂખી, કેળ, આંબા વગેરે.

પાઠ ૯ મો. છોડવા.

છોડવા—થોડા ઉંચે વધેલા ઝાડને છોડવા કહે છે.
છોડવાનાં નામ—ગલગોટો. મોગરા, ગુલબ વગેરે.
છોડવાના ભાગનાં નામ—મૂળીઉં, થડ, ડાળીઓ, પાંદડાં, કળી, ફૂલ, ફળ ને બી.

પાઠ ૧૦ મો. ઝાડ.

ઝાડ—ઘણા ઉંચે વધેલા છોડવાને ઝાડ કહે છે
ઝાડનાં નામ—આંબો, વડ પીપળો, આમલી, લ.નડો, વગેરે.
ઝાડનાભાગો—મૂળીઆં—જાડાં, લાંબા નાં ને ઉંડાં ઉતરેલાં. થડ—જાડું ને નળના જેવું. પાંદડ—કોઈનાં ઝીણાં ને પાતળાં ને કોઈનાં મોટાં ને જાડાં.
ઝાડનું લાકડું—મેજ, ખુરસી, ખાટલા, પાટલા, વગેરે તેમાં બને છે.

પાઠ ૧૧ મો. વેલા.

વેલા—જે છોડ ઉભા ન રહેતાં ભોંયપર દોરીના માફક પથરાય છે તેને વેલ કહે છે.

વેલાનાં નામ—કોહળાનો, તુરીઆનો, ગલકીનો, તરબુચનો, વગેરે.

વેલાનાં ભાગનાં નામ—મૂળીઆં, થડ, પાંદડાં, ફૂલ, ફળ.

વેલાના ભાગો—મૂળીઆં—પાતળાં ને ટુંકાં. થડ—દોરડી કે દોરડા જેવુ.

વેલાના ફળો—વેલાનાં ફળો મોટાં હોય છે.

પાઠ ૧૨ મો કેરી.

કેરી—આંબાના ફળને કેરી કહે છે.

મોર—આંબાના ફૂલને મોર કહે છે

કેરીના ભાગ—છાલ, ગર ને ગોટલો.

છાલ—કાચી હોય ત્યારે લીલી [illegible] પાકે ત્યારે પીળી.

ગર—કાચો ગર ધોળો, [illegible] ખાટો. પાકો ગર પોચો, પીળો ને મીઠો.

ગોટલો—કઠણ હોય છે તે [illegible] હોય છે

પાઠ ૧[illegible] મો [illegible]ય ને ભેંસ.

ગાય ને ભેંસના [illegible] મળતા અવયવ—બન્નેના ઉપલા જડબાના આગલા ભાગમાં દાંત નથી, બને વાગોળે છે, બન્નેનુ નીચલુ [illegible]ચું હાલે છે, ને પ્રથમ પાછલે પગે ઉભી થાય છે, બન્નેની ખરીમાં ફાટ છે.

ગાય ને ભેંસનું જુદાપણુ—ગાય કરતાં ભેંસનું શરીર જાડું છે. ગાયને પાણીમાં રહેવું ગમતું નથી પરંતુ ભેંસને પાણીમાં રહેવું

બહુ ગમે છે, ગાય કરતાં ભેંસ જોરાવર છે, ગાય કરતાં ભેંસ ધીમે હીંડે છે.

પાઠ ૧૪ મો. બકરૂં ને ઘેટું.

બંનેનું મળતાપણું—બંનેની ખરીમાં ફાટ છે, બંને વાગોળે છે ને બંને પાળી શકાય છે.

બંનેનું જુદાપણું—બકરાના પગ પાતળા, લાંબા ને મજબુત છે પણ ઘેટાના જાડા ને ટુંકા છે. બકરાના શરીર પર લાંબા ને આછા વાળ છે પરંતુ ઘેટાના શરીર પર ઊનનો ભાર છે, બકરાનું શરીર પાતળું ને ઘેટાનું જાડું છે.

પાઠ ૧૫ મો. દુધ.

દૂધ દેનારાં પ્રાણી—ગાય, ભેંસ, ઘેટી ને બકરી.

જુદાં જુદાં પ્રાણીનું દૂધ—ભેંસનું જાડું ને બહુ મીઠું, ગાયનું થોડું જાડું ને ગુણકારી, બકરીનું પાતળું પણ ગુણકારી.

સારૂં દૂધ **મેળવવાના** ઉપાય—૧ જાનવરને સારી જગામાં રાખવાં. ૨ જાનવરને સારો ચારો ને દાણો આપવો. ૩ આંચળ ધોઇ નાખવા. ૪ દોહવાનું વાસણ ચોકખું લેવું.

દૂધ કેવી રીતે ખાવું—૧ દોહ્યા પછી તરત ખાવું. ૨ ઠંડું હોય તો ઉનું કરીને ખાવું.

દૂધમાંથી બનતી ચીજો – દહીં, છાશ, માખણ, ઘી, મલાઇ, માવો, પેંડા, દૂધપાક બાસુદી, વગેરે.

પાઠ ૧૬ મો. કુતરો.

કુતરાની ઓળખાણ—૧ કુતરાની પૂછડી વાંકી હોય છે.

૨. કુતરાના બધા દાંત અણીવાળા છે તેમાં ચાર મોટા ને અણીદાર છે. કુતરાને દાઢ નથી.

૩. કુતરા ચાવતા નથી પરંતુ કકડા કરીને ગળી જાય છે.

૪. મોંની બંને બાજુ કરકરા વાળ હોય છે.

૫. ચામડા ઉપર પરસેવો ફૂટતો નથી પરંતુ જીભે ફૂટે છે.

૬. કુતરા ધણીને ચાહે છે.

પાઠ ૧૭ મો. પંખી.

પંખી—જેને બે પગ, બે પાંખો, ને એક ચાંચ હોય છે તેને પંખી કહે છે.

પંખીનાં નામ—ચકલી, કાગડો, પોપટ, મોર, સમડી, કબુતર વગેરે

પંખીનો ખોરાક—ફળ, જીવડાં, ફુળ ને અનાજ.

પંખીના પ્રકાર—૧ જમીનપર ચાલી શકે તેવાં–કાગડો વગેરે.

૨. ભોંયપર ને પાણીપર ચાલનારા–બતક, જળકુકડી વગેરે.

પાઠ ૧૮ મો. પોપટ ને કાગડો.

પોપટ ને કાગડા વચ્ચે સરખાપણું—

૧ બંનેને મુછડી, ચાંચ, બે પાંખો, બે પગ ને ડીલપર પીંછાં છે.

૨ બને ઉડે છે ને માળા બાંધે છે.

૩ બંનેને દાંત નથી તેથી ખોરાકને ગળી જાય છે.

પોપટ ને કાગડા વચ્ચે જુદાપણું—

૧ પોપટ લીલો છે ને કાગડો કાળો છે.

૨ પોપટને બે આંગળાં આગળ ને બે [illegible] પરંતુ કાગ-ડાને ૩ આ[illegible] આગ[illegible] ને [illegible]

૩ પોપટની ચાંચ લાલ ને છેડેથી વળેલી છે, પરંતુ કાગડાની લાંબી ને સીધી છે.

૪ પોપટ તાજાં ફળો કે તાજી રેટલી ખાય છે, પરંતુ કાગડો જીવજંતુ, માંસ તથા કોહેલું સળેલું વીગેરે ખાય છે.

પાઠ ૧૯ મો. રંગ.

મૂળ રંગનાં નામ—લાલ, પીળો ને વાદળી

મિશ્ર રંગોનાં નામ—લીલો, નારંગી ને જાંબુડો.

નારંગી રંગની બન[illegible]—[illegible] ભાગ લલ ને [illegible] ભાગ પીળો મળી નારંગી રંગ થાય છે

લીલા રંગની બનાવટ—૫ ભાગ પીળો ને [illegible] ભાગ વાદળી મળી લીલો રંગ થાય છે

જાંબુડા રંગની બનાવટ—[illegible] ભાગ લલ ને ૮ ભાગ વાદળી મળી જાંબુડો રંગ થાય છે

પાઠ ૨[illegible] મો. પારણું

[illegible] ભાગોના ના[illegible]—[illegible], દોયણા ને ઝોળા.

[illegible] ભાગોનાં ના[illegible]—[illegible] આ, ચેકડુ ને [illegible]રી.

બાળકોને [illegible]ણામાં [illegible] ગમે છે [illegible]ણ પારણામાં ગમે તેમ ફરી શકાય છે તથા બાળકોને [illegible] મા સુવું ગમે છે.



જાહેર ખબર.

બીજા ધોરણોની નોટ તથા અર્થ હવે પછી તૈયાર થશે તેમજ હમારા તરફથી મુખગણીત સામાન્ય ભુગોળ ડિક્ટેશન પ્રકાર વિગેરે બહાર પાડવાની ગોઠવણ કરવામાં આવી છે. એ સીવાય હમારે ત્યાંથી શાળોપયોગી પુસ્તકો નોવેલો, ગાયનો, ગઝલો વિગેરે વિગેરે મળશે.

બહાર ગામના ઓડરપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.

મળવાનું ઠેકાણું:—

તાર ઓફીસસામે—સુરત.